**NPS હેઠળના રાજ્ય સરકારના કર્મચારીઓને વયનિવૃત્તિ, અવસાન કે રાજીનામા બાદ તેઓના ખાતે જમા ભંડોળ પરત ચુકવવા બાબત.**

ગુજરાત સરકાર

**નાણાં વિભાગ**

ઠરાવ ક્રમાંક :નપન-૧૦૨૦૨૧-ડી-૧૮૪-પી

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૧/૧૨/૨૦૨૧

**વંચાણે લીધા:**

1. નાણાં વિભાગનો તા.૧૮/૩/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી
2. નાણા વિભાગનો તા.૨૨/૦૧/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૮-ડી-૨૪૩-પી
3. નાણા વિભાગનો તા.૦૧/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક- નપન-૧૦૨૦૧૧-(ડી-૨૪૫)-પી
4. PFRDA (Exit & Withdrawals Under NPS) Regulations 2015, Dt.11/05/2015
5. PFRDAનાં તા.૧૦/૦૩/૨૦૧૬નાં Circular No : PFRDA/2016/5/ Exits/01
6. PFRDA (Exit & Withdrawals under NPS) (Amendment) Regulations 2021, Dt. 14/06/2021
7. ડી.પી.પી.એફ. કચેરીનો પત્ર ક્રમાંક: ડીપીપી/એન.પી.એસ./૭૧૦૦/૨૦૨૧

**પ્રસ્તાવના:**

સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૮-૦૩-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક :નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી તથા ત્યારબાદના વખતોવખતના ઠરાવો/પરિપત્રો અન્વયે ગુજરાત સરકારે તા.૦૧-૦૪-૨૦૦૫ કે ત્યારબાદ નિયમિત નિમણૂંક પામતા કર્મચારીઓને નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પાડેલ છે. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંક (૨), (૩) અને (૪)ની વખતોવખતની સુચનાઓ અન્વયે NPS હેઠળના રાજ્ય સરકારના કર્મચારીઓને વયનિવૃત્તિ, અવસાન કે રાજીનામા બાદ તેઓના ખાતે જમા ભંડોળ પરત ચુકવવા અંગેની કાર્યરીતી નક્કી કરવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક: ૬ના PFRDAના નોટીફીકેશન અંતર્ગત પ્રસ્તુત બાબતે નવીનતમ સુચનાઓ પ્રસિધ્ધ થયેલ હોઇ તે મુજબનો સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. કાળજીપુર્વકની વિચારણાના અંતે આથી નીચે મુજબની સુચનાઓ પ્રસિધ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

(PTO)

**ઠરાવ:**

ઉક્ત વંચાણે લીધેલ PFRDAના ક્રમાંક: ૬ ઉપરના નોટીફીકેશનથી કરવામાં આવેલ જોગવાઇને ધ્યાને લઇ આખરી ઉપાડ માટે નીચે મુજબની નવી મર્યાદા નક્કી કરવામાં આવે છે.

| આખરી ઉપાડનો પ્રકાર | લમ સમ તરીકે મળવાપાત્ર રકમ(મહત્તમ) | એન્યુઇટીમાં તબદીલ કરવાપાત્ર રકમ(લઘુત્તમ) | રીમાકર્સ |
|---|---|---|---|
| વયનિવૃત્તિ | ૬૦% | ૪૦% | પરંતુ જો કુલ રકમ રૂ. ૫ લાખ કે તેથી ઓછી હોય તો ૧૦૦ % રકમ લમ સમ તરીકે પરત મળવાપાત્ર છે. |
| અવસાન | ૨૦% | ૮૦% | પરંતુ જો કુલ રકમ રૂ. ૫ લાખ કે તેથી ઓછી હોય તો ૧૦૦ % રકમ લમ સમ તરીકે પરત મળવાપાત્ર છે. |
| રાજીનામુ | ૨૦% | ૮૦% | પરંતુ જો કુલ રકમ રૂ. ૨.૫ લાખ કે તેથી ઓછી હોય તો ૧૦૦ % રકમ લમ સમ તરીકે પરત મળવાપાત્ર છે. |

ઉક્ત મુજબની ૧૦૦% રકમ પરત મેળવ્યા બાદ વયનિવૃત્તિ કે રાજીનામાના કિસ્સામાં NPS ધારક તેમજ અવસાનના કિસ્સામાં તેમના કુટુંબના સભ્યોનો NPS યોજના હેઠળ કોઇ પણ પ્રકારનું પેન્શન, વાર્ષિકી કે રકમ મેળવવાનો હક્ક સમાપ્ત થયેલ ગણાશે.

ઉક્ત મુજબની નવી સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવતાં અત્રેનો તા:૨૨/૧/૨૦૦૯નો ઠરાવ આથી રદ્દ ગણવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આઇ.પી. પટેલ)**
ઉપસચિવ(પેન્શન)
નાણા વિભાગ

**પ્રતિ,**

નકલ રવાના:

- માન. રાજયપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
  માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
  માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨) અમદાવાદ/રાજકોટ,
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
સિલેકટ ફાઇલ પી શાખા

- પત્ર દ્વારા